# મંત્રી માર્ગ પર દારૂની ખાલી બોટલોનો વરસાદ..!

### કોર્પોરેશનની ગાડી કચરો ભરીને જતી હતી ત્યારે પાછળ જે કચરો પડી રહ્યો હતો તેમાં ખાલી બોટલો હતી

ગાંધીનગર, તા. ૧૩

આમ તો રાજ્યમાં દારૂબંધી છે. પરંતુ દારૂબંધી હોવાનો એહસાસ કરવો હોય તો કાયદાની ચોપડીઓ વાંચવી પડે તેવી સ્થિતિ રાજ્યમાં છે. કેમ કે રાજ્યના કોઈ પણ ખુણે તમે ઉભા હોવ અને બોટલ જોઈતી હોય તો ગલ્લાવાળો પણ સરનામુ ખાનગી રીતે બતાવી દે અને સરળતાથી દારૂ મળી જાય..! રાજ્યના પાટનગરમાં પણ આવી જ દારૂબંધી હોય તેમ લાગી રહ્યું છે. કેમ કે જ્યાંથી મોટે ભાગે મુખ્યમંત્રીથી માંડીને તમામ મંત્રીઓ પસાર થાય છે તે રાજમાર્ગ (મંત્રીમાર્ગ) તરીકે ઓળખાતા જ-માર્ગ પર પણ દારૂની ખાલી બોટલો છાશવારે જોવા મળતી હોય છે.

આજે તો હદ થઈ ગઈ..! કોર્પોરેશનનું ગાડુ કચરો ભરીને ડમ્પીંગ માટે બપોરે જ-માર્ગ પરથી પસાર થતુ હતુ. આ ગાડીમાંથી પાછળ કચરો રસ્તા પર પડી રહ્યો હતો. કચરો જોયો તો અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ખાલી બોટલો પણ હતી. કચરામાંથી જો જ-માર્ગ પર પણ આટલી ખાલી બોટલો ખરતી હોય તો વાસ્તવિક સ્થિતિ શુ હશે તે તો વિચારવું જ રહ્યું..!



# ચિલોડા પોલીસે દારૂ-બિયરનો જથ્થો ભરેલી રીક્ષા અને કાર પકડી

### દારૂ-બિયર અને બંને વાહન મળી કુલ ૬.૫૩ લાખના મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ

ચિલોડા પીઆઈ એલ.ડી. વાઘેલા તથા તેમની ટીમે બાતમીને આધારે ચિલોડા સર્કલ પાસે વૉચ ગોઠવીને દારૂ-બિયરનો જથ્થો ભરેલી એક ટેક્સી પાસીંગ કાર અને એક રીક્ષા પકડી પાડી હતી. એક્સેન્ટ ગાડીમાંથી ૪૮૦ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. રૂ. ૪.૪૮ લાખના મુદ્દામાલ સાથે બાપુનગર રહેતા અને મુળ ઉદેપુરમાં રામસીંગ શંભુસીંગ રાજપુત તથા ઉદેપુરના હરીસિંહ પ્રતાપસિંહ રાજપુતની ધરપકડ કરી લીધી હતી. તે ઉપરાંત પકડાયેલી સીએનજી રીક્ષામાંથી ૩૩ નંગ વિદેશી દારૂની બોટલ અને ૧૨૦ નંગ બિયર મળી રૂ. ૨૫,૨૦૦નો માલ મળી આવ્યો હતો. રૂ. ૧.૦૫ લાખના મુદ્દામાલ સાથે પોલીસે થલતેજના અંકિત પીતામ્બર પરમારની ધરપકડ કરી લીધી હતી. બંને કેસમાં રૂ. ૬.૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ચિલોડા પોલીસે ત્રણ ખેપીયાની ધરપકડ કરી ઈંડી પુછપરછ શરૂ કરી છે.



# સિવિલમાં નોકરીને ૬ વર્ષ છતા નર્સિંગ સ્ટાફ કાયમી ઓર્ડરથી વંચિત

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી રાજયભરમાં આવેલ ૮ મેડીકલ કોલેજનો કાર્યભાર સંભાળે છે. તંત્ર તરફથી વર્ષ ૨૦૧૧માં નર્સિંગ સ્ટાફની ભરતી કરવામાં આવી છે. વિવિધ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં સ્ટાફના કર્મચારીઓ ફરજ બજાવે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ તંત્ર દ્વારા ભરતી કરાયેલ અંદાજીત ૯૦ જેટલો નર્સિંગ સ્ટાફ ફરજ બજાવે છે. આ સ્ટાફને નોકરીના પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા છે તે ઉપરાંત એક દોઢ વર્ષ જેટલો સમય થયો હોવા છતા કર્મચારીઓ કાયમી ઓર્ડરથી વંચિત રહેવા પામ્યા છે. કર્મચારીઓ તંત્રમાં તપાસ કરતા ફાઈલ પ્રોસેસમાં છે, ટુંક સમયમાં થઈ જશે તેવા જવાબો કર્મચારીઓને સાંભળવા મળે છે.ત્યારે નર્સિંગ સ્ટાફ કાયમી ઓર્ડરની કાગડોળે રાહ જોઈ રહ્યો છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા ગાંધીનગર શહેર સહિત જિલ્લાવાસીઓ માટે આશિર્વાદરુપ બની રહી છે. પાંચ માળની ઈમારત અને આઠમાળની હાઈટેક હોસ્પિટમલાં દર્દીઓનો ધસારો વધતા સ્ટાફની અછત વર્તાઈ રહી હતી. જેથી તંત્ર દ્વારા વર્ષ-૨૦૧૧માં નર્સિંગ સ્ટાફની ભરતી કરાઈ હતી. પાંચ વર્ષ બાદ કર્મચારીઓને કાયમીના ઓર્ડર આપીને ફુલ પગાર આપવામાં આવે છે. પરંતુ સિવિલમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફના કર્મચારીઓને છ છ વર્ષનો સમયગાળો થઈ ગયો હોવા છતા કાયમીના ઓર્ડર મળ્યા નથી તેમજ નજીકમાં કાયમીના ઓર્ડર મળશે તેવા અણસાર પણ જોવા મળતા નથી.

# તમામ ચૂંટણીમાં ઉમેદવાર માટે કોંગ્રેસ ડિપોઝીટ નક્કી કરે, જીતે તો ડબલ પાછા, હારે તો જપ્ત

### ટીકીટ લેવા આવતા નેતાઓની સંખ્યા ઘટાડવા માટેનો કિમિયો

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડીસેમ્બર મહિનામાં આવી રહી છે ત્યારે કોંગ્રેસમાં એક જોડતાં દસ તૂટે છે. ભાજપના કોંગ્રેસ મુક્ત અભિયાનમાં પાર્ટીના ઉચ્ચતમ અને ચૂંટણી જીતી શકે તેવા નેતાઓ ભાજપમાં જોડાઈ રહ્યાં છે. એવી ટીખળ થઈ રહી છે કે ''ભાજપના કોંગ્રેસ મુક્ત ગુજરાતમાં ભાજપ કોંગ્રેસ યુક્ત થઈ રહ્યું છેપ'' ચૂંટણી આવે એટલે આયારામ-ગયારામની નિતી કામ કરતી હોય છે. પ્રત્યેક પાર્ટીને જીતી શકે તેવા ઉમેદવારો જોઈએ છે જો કે તેમાંથી કોંગ્રેસ એટલા માટે બાકાત છે કે- કોંગ્રેસમાં લાગવગશાહીના જોરે ટીકીટનું વિતરણ થાય છે. કોંગ્રેસની કમનસીબી એ રહી છે કે સત્તાવાર ઉમેદવારો સામે પાર્ટીના આગેવાનો બળવો કરે છે અથવા તો વિરોધી પાર્ટીને મદદ કરે છે.

**જીતી શકે તેવા ઉમેદવાર માટે આખી પાર્ટી દિલ દઇને કામ કરે તો પરિણામ**

અક હકીકત એવી પણ છે કે ભારતમાંથી કોંગ્રેસના મૂળીયા ઉખડી રહ્યાં છે. હાલ માત્ર બે રાજ્યોમાં કોંગ્રેસની સરકાર છે. કોંગ્રેસના ગઢ ગણાતા રાજ્યોમાં કોંગ્રેસના કમિટેડ મતદારો અને પાર્ટીના વિસ્તારો હાથમાંથી સરકી રહ્યાં છે ત્યારે કોંગ્રેસમાં ધરમૂળથી પરિવર્તનનો સમય આવી ગયો છે. એક રાજકીય વિશ્લેષકના મત પ્રમાણે કોંગ્રેસે પંચાયત થી પાર્લામેન્ટ સુધીની તમામ ચૂંટણીમાં તેના ઉમેદવારો માટે ડિપોઝીટ રાખવી જોઈએ. જો ઉમેદવાર જીતે તો તે ડિપોઝિટ બમણી રકમમાં પાછી આપવી અને હારી જાય તો પાર્ટી ફંડ તરીકે જમા લઈ લેવી.

ભારતનું ચૂંટણી પંચ જો ઉમેદવારો માટે ડિપોઝીટ રાખતું હોય તો પાર્ટી કેમ રાખી ન શકે તે વિચારવાનો પ્રશ્ન છે. લોકસભાની ચૂંટણીમાં જાહેર સભા સંબોધતા નરેન્દ્ર મોદી સભામાં આવતા લોકો પાસેથી પાંચ રૂપિયા અને દસ રૂપિયાની ટીકીટ રાખતા હોય તો કોંગ્રેસ માટે ડિપોઝીટની પ્રથા સાવ સરળ અને સચોટ છે. ડિપોઝીટ રાખવામાં આવે તો-પ્રત્યેક ચૂંટણીમાં કોંગ્રેસના હારેલા ઉમેદવારો ટીકીટ લેવા મેદાનમાં આવી જાય છે તેની ઉપર બ્રેક લાગી જાય અને જીતવાની કેપેસિટી ધરાવતા ઉમેદવારો મેદાનમાં ઉભા રહે, પછી જુઓ કેવું પરિણામ આવે છે.

ડિપોઝીટની રકમ આ પ્રમાણે રાખવી જોઈએ-

- ગ્રામ પંચાયત માટે- ૧૫૦૦૦
- તાલુકા પંચાયત માટે- ૨૫૦૦૦
- જિલ્લા પંચાયત માટે- ૫૦૦૦૦
- નગરપાલિકા માટે- ૭૫૦૦૦
- મહાનગરપાલિકા માટે- ૧૦૦૦૦૦
- વિધાનસભા માટે- ૨૦૦૦૦૦
- લોકસભા માટે ૩૦૦૦૦૦

(જો ઉમેદવાર હારી જાય તો આ ડિપોઝીટને ચૂંટણી ફંડમાં જમા લઈ લેવી અને હારી જાય તો બમણા કરીને પાછા આપવા.)

જ્યારે જ્યારે વિધાનસભા કે લોકસભાની ચૂંટણી યોજાઈ છે ત્યારે ત્યારે કોંગ્રેસના નેતાઓએ છેક છેલ્લી ઘડીએ ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારો જાહેર કર્યા છે. કોંગ્રેસની આ સૌથી મોટી ખોડ છે. જીતી શકે તેવા અને જેમની ટીકીટ ફાઈનલ છે તેવા ઉમેદવારોને પાર્ટી છ કે આઠ મહિના પહેલાં કેમ ડિક્લેર કરતી નથી તે સમજાતું નથી. કોંગ્રેસના પ્રભારી ગુરૂદાસ કામતે તો આવું વચન આપ્યું હતુ પરંતુ પાંચ ગ્રુપમાં વહેંચાયેલા ગુજરાત કોંગ્રેસના નેતાઓ આ વચનને સફળ થવા દે તે મતના નથી. કોંગ્રેસના નેતાઓ એકજૂથ બની શકે તેમ નથી.

ગુજરાત કોંગ્રેસને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં મળેલી સત્તા પછી હવે તમામ જગ્યાએ બળવા થઈ રહ્યાં છે. કોંગ્રેસના જીતેલા સભ્યો ભાજપમાં જઈ રહ્યાં છે અને સત્તા પર બેઠેલા પ્રમુખને સત્તા ખોવાનો વારો આવે છે. ગાંધીનગરમાં કોંગ્રેસના મેયરપદના ઉમેદવાર પ્રવિણ પટેલ ખુદ ભાજપમાં જઈને બેસી ગયા અને આનંદીબહેન પટેલનો હાથ ઉપર રાખ્યો.

આ પ્રવિણ પટેલને ૨૦૧૧માં ટીકીટ નહીં મળતાં તેમણે ભાજપ છોડ્યું હતું અને કોંગ્રેસમાં આવ્યા હતા. હવે મેયરપદ મળતાં તેઓ પાછા ભાજપમાં જતા રહ્યાં છે. કોંગ્રેસ તેમને સાચવી શકી નથી. રાજ્યમાં પાલિકા અને પંચાયતોમાં હવે આ રોગ લાગુ પડી ચૂક્યો છે. વિધાનસભાની ચૂંટણી આવતા આવતાં કોંગ્રેસ બે ડઝન કરતાં વધુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ગુમાવશે તેવું લાગી રહ્યું છે.

શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાંથી એક્ઝિટ થયા




પછી ગુજરાત કોંગ્રેસમાં ચાર ગ્રુપ એક્ટિવ થયેલા છે, જે ચૂંટણી આવતા દબાણની રાજનિતી અપનાવે છે. એક ગ્રુપ અર્જુન મોઢવાડિયાનું છે. બીજું શક્તિસિંહ ગોહિલનું છે. ત્રીજું ભરતસિંહ સોલંકીનું છે અને ચોથું સિદ્ધાર્થ પટેલનું છે.

આ બધાં ગ્રુપ તેમના સમર્થકોને ટીકીટ અપાવવા દબાણ કરે છે પરિણામે ઉમેદવારોની સંખ્યા વધી જાય છે અને બળવાખોરો પેદા થાય છે જે સરવાળે પાર્ટીને નુકશાન કરે છે. મહત્વની બાબત એ છે કે કોંગ્રેસમાંથી વિઠ્ઠલ રાદડિયા અને નરહરિ અમીન ગયા પછી કોંગ્રેસમાં મોટા ગજાનો કોઈ પાટીદાર લિડર રહ્યાં નથી.

**શંકરસિંહ વાઘેલાની એક્ઝિટ પછી પણ પાર્ટી ચાર ગ્રુપમાં વહેંચાયેલી છે**

કોંગ્રેસના નેતાઓ લોકોથી દૂર થઈ ગયા છે. હવે એવો સમય નથી કે ભાજપને નફરત કરતા લોકો કોંગ્રેસને સીધો મત આપી દેશે. પાટીદારોના આંદોલન અને ચૂંટણીમાં આ સ્થિતિ જોઈ છે. પાટીદારોને કોંગ્રેસ પ્રત્યે પ્રેમ કેમ નથી, પાટીદારો કોંગ્રેસને ભાજપના વિકલ્પ તરીકે કેમ ગણતા નથી, મજબૂત પાટીદાર નેતાઓ કોંગ્રેસમાં કેમ આવતા નથી, આ તમામ પ્રશ્નો નો જવાબ કોંગ્રેસ પાસે નથી. કોંગ્રેસે વોટબેન્ક ખોઈ છે. હવે લોકોને પણ ખોઈ રહી છે.

લોકોની વચ્ચે જઈને તેમના પ્રશ્નોને વાચા આપવાનું કામ કરવું પડશે. આમ આદમી પાર્ટીએ ટોરન્ટની લૂંટ સામે બે દિવસ આંદોલન ચલાવ્યું અને જર્ક તરફથી દરો ઓછા કરવાનો નિર્ણય લેવો પડ્યો. કેમ કોંગ્રેસના આંદોલનને સત્તાધારી પક્ષ ગંભીર ગણતું નથી. કોંગ્રેસની મોટી ખોડ એ છે કે આંદોલન એક કે બે દિવસ શરૂ કરે છે પછી તે ભૂલી જાય છે. નિર્ણય કે રિઝલ્ટ ન આવે ત્યાં સુધી કોંગ્રેસના નેતાઓ ગંભીરતાથી મુદ્દાને પકડી રાખી શકતા નથી. કોંગ્રેસમાં બધાં નેતાઓ છે, કાર્યકર્તા બનવું કોઈને ગમતું નથી.

# શહેરમાં અકસ્માત ઘટાડવા સર્વિસ રોડ વિકસાવો

### જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં મુખ્ય માર્ગોને સર્વિસ રોડની સુવિધા આપવા માંગ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં ટ્રાફિકમાં થઈ રહેલા અસામાન્ય વધારાને પગલે જાગૃત નાગરિક પરિષદ દ્વારા મુખ્ય માર્ગો સાથે સર્વિસ રોડની સુવિધા વિકસાવવા માંગ કરવામાં આવી છે. પાટનગરના ઝડપી વિકાસને પગલે શહેરમાં ટ્રાફિકનું ભારણ વધવા સાથે અકસ્માતોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો હોઈ સત્વરે સર્વિસ રોડ બનાવવા સાથે શહેરના બંધ અંડરપાસને તાત્કાલિક રિપેર કરી ખોલવા પણ પરિષદ દ્વારા માંગ કરવામાં આવી છે.

તાજેતરમાં જાગૃત નાગરિક પરિષદની મળેલ બેઠકમાં ઠરાવ કરી ઉપરોક્ત માંગ કરવામાં આવી છે. શહેરમાં વિકાસ ઝડપી બનવા સાથે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય શાળા-કોલેજોની સંખ્યામાં વધારો, મહાત્મા મંદિર તથા ગીફ્ટ સીટીના મુલાકાતીઓમાં વધારો વગેરે કારણોસર ટ્રાફિકનું ભારણ અચાનક વધવા પામ્યું છે. વધતા ટ્રાફિકને પગલે અકસ્માતની સંભાવનાઓ પણ વધી જવા પામી છે. અને સેક્ટરમાંથી મુખ્ય માર્ગ પર આવવું જોખમરૂપ બન્યું છે. આ સંજોગોમાં સે. ૬માં ઘ-રોડને સમાંતર સર્વિસ રોડની જેમ તમામ મુખ્ય માર્ગોની બંને તરફ સર્વિસ રોડ વિકસાવવા જોઈએ તેવો નાગરિક પરિષદે મત વ્યક્ત કર્યો છે. વળી, શહેરમાં કેટલીક જગ્યાએ અન્ડર પાસ બનાવેલા છે પરંતુ તેમાંથી માત્ર એક અન્ડરપાસ જે સે. ૨૧થી મીનાબજાર તરફ જાય છે તે કાર્યરત છે.

# વોર્ડ-૪ અને ૫ ના સેવાસેતુ કાર્યક્રમમાં મોળો પ્રતિસાદ મળ્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના વોર્ડ નં. ૪ અને ૫ ના આજે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમને સૌથી નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો.

ત્રીજા તબક્કાના આ સેવાસેતુ કાર્યક્રમમાં સૌથી નબળો પ્રતિસાદ આ કાર્યક્રમને મળતાં કર્મચારીઓમાં પણ નિરાશા વ્યાપી હતી. જો કે દિપાવલીના પર્વની તૈયારી અને સ્થળની પસંદગીના મુદ્દે લોકોમાં નારાજગી પ્રવર્તતી હતી.

આજના આ સેવાસેતુ કાર્યક્રમમાં મેયર પ્રવિણ પટેલ ઉપરાંત કાઉન્સીલરો કાર્તિક પટેલ, પ્રવિણાબેન વોરા, પ્રવિણાબેન દરજી, ધીરૂભાઈ ડોડિયા, હર્ષાબા ધાંધલ, નીલાબેન શુકલ, પાર્વતીબેન પરમાર હાજર રહ્યા હતા. સંગઠનના અગ્રણીઓ તેમજ સત્તાધારી પક્ષના ૫૦ ટકાથી વધુ કાઉન્સીલરોની ગેરહાજરી પણ આ કાર્યક્રમનો ચર્ચાસ્પદ મુદ્દો બન્યો હતો.

આ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડાયાબીટીસ અને બ્લડ પ્રેસરની સ્ક્રીનીંગ પણ રાખવામાં આવેલ જેમાં કુલ ૭૪૯ લાભાર્થીઓએ લાભ લીધેલ. આ કાર્યક્રમમાં આધાર કેમ્પની પણ વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ૩૫ લોકોએ આધારકાર્ડની નોંધણી કરાવેલ હતી જેની કામગીરી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પણ ચાલુ રહેલ હતી.

આ કાર્યક્રમમાં 'મા વાત્સલ્ય' કાર્ડનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૧૫ લોકોને 'મા વાત્સલ્ય કાર્ડ'નો લાભ આપવામાં આવેલ.

આ કાર્યક્રમ દરમ્યાન બેંક એકાઉન્ટ સાથે આધાર લીંક તથા મોબાઈલ લીંક જોડાણ ૬૩ આપવામાં આવેલ.

ટોરન્ટ પાવર લીમીટેડ, ગાંધીનગર દ્વારા એલ.ઈ.ડી. બલ્બ અને ટ્યુબ લાઈટ ૨૪૨ વેચાણ કરવામાં આવેલ.

કાર્યક્રમ દરમ્યાન આવકના દાખલા જાતિ પ્રમાણપત્રો અને રેશનીંગ કાર્ડને લગતી ૧૦ સેવાઓ પુરી પાડવામાં આવેલ હતી.

કાર્યક્રમ દરમ્યાન સ્વાઈન ફ્લુના અટકાયતી પગલાના ભાગરૂપે ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ જેમાં ૩૨૦ નગરજનોએ લાભ લીધેલ. આ કાર્યક્રમ દરમ્યાન જુદા જુદા વિભાગોને લગતી બાબતો અંગે ૧૬૧૩ અરજીઓ આવેલ હતી, જેમાંથી ૧૬૧૩ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ.

# ગાંધીનગર જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો આજે પ્રેક્ષા ભારતી કોબા ખાતે યોજાશે

સમગ્ર રાજયમાં દશમા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાનો આરંભ થયો છે. જે અંતર્ગત તા. ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે પ્રેક્ષા ભારતી, કોબા ખાતે ગાંધીનગર જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો યોજાનાર છે. આ મેળામાં ગાંધીનગર જિલ્લાના લાભાર્થીઓને સ્વરોજગાર માટેની જુદી જુદી ટુલકીટ, વિવિધ યોજના અંતર્ગત સહાયનો લાભ આપવામાં આવશે.

પ્રભારી રાજયમંત્રી ડૉ. નિર્મલા વાધવાણીના અધ્યક્ષપદે સવારે ૧૦ વાગે યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળામાં ૨ હજારથી વધુ લાભાર્થીઓને સીધો લાભ આપવામાં આવશે.

તંત્ર દ્વારા લાભાર્થીઓને લઈ આવવા માટે ૬૦ જેટલી બસો ફાળવવામાં આવી છે. આ ગરીબ કલ્યાણ મેળામાં અતિથિવિશેષ તરીકે ગુડાના ચેરમેન આશિષ દવે તથા મેયર પ્રવિણ પટેલ અને જિલ્લાના ધારાસભ્યો હાજર રહેનાર છે.

આ મેળામાં મહિલા અને બાળકલ્યાણ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રીમતી ડૉ. નિર્મલાબેન વાધવાણી, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી આશિષકુમાર દવે, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, દહેગામના ધારાસભ્ય શ્રીમતી કામીનીબા રાઠોડ, કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમનું સુચારું આયોજન જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ અને મહાનગરપાલિકા કમિશનર શ્રી ડી.એન.મોદીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું છે.

# શહેરમાં શાકભાજીના ભાવ ગગડયા, ગરીબોની કસ્તુરી મોંઘીદાટ

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે ત્રણ માસથી શાકભાજીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. ચોમાસાને પગલે શાકભાજીની અછત વર્તાતા ભાવ આસમાનને આંબ્યા હતા. ત્યારે શહેરના શાકમાર્કેટમાં મોટાભાગની શાકભાજીના ભાવ કિલોના રૂ.૮૦ થી ૧૦૦ હતા. પરંતુ સમય જતા અને શાકભાજીની આવક વધતા શાકમાર્કેટમાં ભાવ નીચે આવી ગયા છે. આજના સમયે કેટલીક શાકને બાદ કરતા રૂ.૨૦ થી ૩૦માં કિલોના ભાવે શાક સરળતાથી મળી રહે છે. જયારે લાલલાલ ટામેટા અને મરચાના ભાવ પણ આસમાનથી નીચે આવી ગયા છે તેવા સમયે ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવ અત્યારે હાલ કિલોએ રૂ.૪૦ થી ૫૦ છે. ત્યારે ડુંગળીના ભાવે નાગરીકોની આંખમાં આસું લાવી દીધા છે.



ગાંધીનગર શહેરમાં હોટલ, રેસ્ટોરન્ટ, હોસ્ટેલ, સહિત ખાણીપીણીના બજાર ઠેરઠેર આવેલા છે. ત્યારે શહેરમાં રોજની હજ્જારો મણ ડુંગળીનો વપરાશ થાય છે. મોટાભાગે ડુંગળી નાસિક તેમજ કાઠીયાવાડથી આવે છે. જુની ડુંગળીનો સ્ટોક ખલાસ થઈ ગયો છે તેમજ નવો માલ માત્ર ૨૦ ટકા જેટલો જ આવે છે.નવી ડુંગળી હજુ સુધી માર્કેટમાં આવી નથી, ત્યારે શહેરમાં અત્યારે નાસિકથી ડુંગળી આવે છે તેમાં પણ ભાવ ઉંચકાયો છે ત્યારે ૫૦ કિલોના કટ્ટામાં રૂ.૨૦૦ વિવિધ ચાર્જ લેવાય છે. આગામી એક માસમાં રાજસ્થાન અને કાઠીયાવાડ સહિત નાસિકથી નવી ડુંગળી આવે ત્યારે ભાવ ઘટે ત્યાં સુધી ભાવ ઉંચકાયેલો રહેશે તેમ વેપારીઓનું માનવું છે. ત્યારે શહેરના ખાણીપીણી બજારોમાં પણ ડુંગળી ગાયબ થઈ ગઈ છે. ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવ ઉંચકાતા નાગરીકોની આંખમાં પણ ભાવ સાંભળીને આસું આવી જાય છે. ત્યારે શહેરની હોટલ, રેસ્ટોરન્ટમાં સલાડમાંથી જયારે નાસ્તાની લારીઓ પરથી ડુંગળી ગાયબ થઈ ગઈ છે. તેના સ્થાને કોબી તેમજ ટામેટાએ તેનું સ્થાન લઈ લીધુ છે. ત્યારે ડુંગળીના ભાવ ઘટવાની રાહ નાગરીકો જોઈને બેઠા છે. કસ્તુરીના ભાવ વધતા વેચાણમાં પણ ઘટાડો નોંધાયો છે.

## આજે સે-૨૧ લાયબ્રેરી ખાતે જુના સામયિકોનું વેચાણ

સરકારી જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧, ગાંધીનગર ખાતે તા. ૧૪-૧૦-૨૦૧૭ના રોજ જુના સામયિકોનું વેચાણ થનાર છે. સદર સામયિકોમાં સાહિત્ય, ધાર્મિક, વિજ્ઞાન, જયોતિષશાસ્ત્ર, બાલવિકાસ, સ્પર્ધાત્મક પરિક્ષાને લગતા સામયિકો તથા મહિલાઓને લગતા સામયિકો વિગેરે જુદા જુદા વિષયોના સામયિકનું વેચાણ કરવામાં આવનાર છે. તો સર્વે નગરજનોએ વેચાણનો બહોળો લાભ લેવા જિલ્લા ગ્રંથપાલે અનુરોધ કર્યો છે.

## ભાજપ મહાનગર અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખની વરણી

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મહામંત્રી કે.સી. પટેલ અને ગુજરાત પ્રદેશના અનુસુચિત જાતિ મોરચાના અધ્યક્ષ શંભુનાથ ટુડીંયાજીની સુચનાથી આજે ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) દ્વારા અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ તરીકે ડૉ. નિતિન અંજાનની વરણી કરવામાં આવી છે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧૪

સને ૨૦૧૭-૧૮

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ, વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં.'એ' પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૨ (બે) કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજીત રકમ ૧૨૦૧૯૦.૦૦ અને ૧૯૪૫૮૧.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના કોરા ટેન્ડરો www.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૧૩/૧૦/૨૦૧૭થી તા. ૨૪/૧૦/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. શક્ય હશે તો ટેન્ડર તા. ૨૪/૧૦/૨૦૧૭ના ૧૪.૦૦ કલાકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ-૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧ ૬, બ્લોક નં.'એ' પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમા / ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૦૫૧/૧૭-૧૮